પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# -: જાહેરનામું :-

## ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

નંબર: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/૧૭૯/૨૦૨૧

રાજય ચૂંટણી આયોગ, સચિવાલય ગાંધીનગરના ક્રમાંક:ચટણ /સ્થા.સ્વ /૧૩(૬) /૧૧૨૦૧૬ /ક તા. ૨૨/૧૧/૨૦૨૧ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.જે અન્વયે ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન /મધ્યસત્ર તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચુંટણી આગામી તા.૧૯/૧૨/૨૦૨૧ ના રોજ યોજાનાર છે. ગ્રામ પંચાયતના મતદારોને આદર્શ લોકશાહીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા, ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે, પીરસવાનું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

શહેર વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ સ્થાનિક સ્વરાજની ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અન્વયે તા.૧૭/૧૨/૨૦૨૧ ના કલાક ૧૭/૦૦ થી તા. ૧૯/૧૨/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી તેમજ તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ એટલે કે મતગણતરીના દિવસે રાત્રિના કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધી નશાયુકત પદાર્થોનું વેચાણ સ્થળ/ દુકાન/ રેસ્ટોરન્ટ/ ક્લબ કે અન્ય કોઈપણ સ્થળ કે જ્યાં દારુ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

### -:વિસ્તાર:-

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા (૧) ઓઢવ વિસ્તારમાં આવેલ સિંગરવા ગ્રામ પંચાયત (૨) નિકોલ વિસ્તારમાં આવતા ભુલાવડી ગ્રામ પંચાયત તથા નવરંગપુરા ગ્રામ પંચાયત (૩) નારોલ વિસ્તારમાં આવેલ જેતલપુર ગ્રામ પંચાયત તથા ચોસર ગ્રામ પંચાયત હદ વિસ્તારને લાગુ પડશે.

### -:શિક્ષા:-

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (સી)(૨) મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

### -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social

Scanned with CamScanner

media એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૦૮/૧૨/૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૦૫, ૦૬, ક્રાઈમ, સાયબર ક્રાઈમ, કંટ્રોલ અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) મદદનીશ પોલીસ કમિશનરશ્રી - આઈ, કે, એસ.ઓ.જી, ક્રાઈમ ડીવીઝન અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૨) ઓઢવ,નિકોલ,નારોલ પો.ઈન્સ.શ્રી, અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ )
(૨૩) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૪) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પર પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૫) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(૨૬) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Scanned with CamScanner